ગાંધીનગર સમાચાર

આવતીકાલે કેન્દ્રિય કેબિનેટનું વિસ્તરણ

નવી દિલ્હી,તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્રિય કેબિનેટનુ વિસ્તરણ કરવાની તૈયારી કરી ચુક્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ રવિવારે બપોરે વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતા છે. મોદી કેબિનેટમાં આશરે ૨૦ કેબિનેટ પ્રધાનો અને રાજ્ય પ્રધાનો રાજભવન ખાતે આયોજિત કાર્યક્રમમાં શપત લે તેવી શક્યતા છે. શિવ સેના પાસેથી નામની યાદી માંગવામાં આવી છે. મહારાષ્ટ્રમાં શિવ સેના અને ભાજપ વચ્ચે તંગ સંબંધ છે પરંતુ કેન્દ્રિય કેબિનેટમાં સ્થાન માટે નામની યાદી માંગવામાં આવી છે. કેટલાક નવા ચહેરાને સામેલ કરીને મોદી કેબિનેટનુ સંખ્યાબળ વધારાય તેવી શક્યતા છે. કેટલાક પ્રધાનોના ખાતા બદલાય તેવી શક્યતા પણ દેખાઇ રહી છે. રવિવારે બપોરે ૧.૩૦ વાગે શપથવિધી થશે. ત્યારબાદ મોદી ત્રણ દેશોના પ્રવાસે રવાના થઇ રહ્યા છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ભુટાનથી

આવતીકાલે આવી પહોંચશે. કેન્દ્રીય કેબિનેટની ફેરરચના અને વિસ્તરણ કરવામાં આવે તો પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મળી ચુક્યા છે. બંને નેતાઓ કેબિનેટમાં ફેરફારના મુદ્દા ઉપર ચર્ચા કરી હોવાના અહેવાલ મળ્યા છે. ૧૧મી નવેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ રાષ્ટ્રોના પ્રવાસ ઉપર રવાના થઇ રહ્યા છે. આ પ્રવાસ પહેલા તેઓ કેબિનેટનું વિસ્તરણ કરવાની યોજના ધરાવે છે.અરુણ જેટલી પાસેથી સંરક્ષણ મંત્રાલયનો વધારાનો હવાલો પરત લઇને ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકરને સોંપવામાં આવે તેવી શક્યતા છે. મનોહર પારીકરને સંરક્ષણ ખાતુ સોંપવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત ગ્રામીણ વિકાસ મંત્રાલયનો હવાલો સોંપાય તેવી શક્યતા દેખાઈ રહી તેવી પણ શક્યતા છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીને પણ વધારાનો હવાલો સોંપાય તેવી શકયતા દેખાઈ રહી છે. ગોપીનાથ મુંડેનું અવસાન થયા બાદ આ જગ્યા ખાલી થઇ હતી. માહિતી ટેકનોલોજી અને કાયદા પ્રધાન રવિશંકર પ્રસાદ તથા માહિતી અને પ્રસારણ પ્રધાન પ્રકાશ જાવડેકરને બે-બે મંત્રાલયના બદલે તેમને પણ જવાબદારી હળવી કરીને રાહત આપવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્રીય કેબિનેટમાં યશવંતસિંહાના પુત્ર જયંત સિંહાને તક આપવામાં આવે તેમ માનવામાં આવી રહ્યું છે. નરેન્દ્ર મોદી કેબિનટમાં મોટા ફેરફાર અને વિસ્તરણને લઈને જોરદાર કવાયત ચાલી રહી છે. પ્રથમ વખત મોદી તેમના પ્રધાનમંડળનુંવિસ્તરણ કરનાર છે. ખાતાઓની ફાળવણી અને ખાતાઓ આપવાનો વડાપ્રધાનનો વિશેષ અધિકાર છે. રાષ્ટ્રપતિ ભવનના સૂત્રોનું કહેવું છે કે, વિસ્તરણને લઈને વાતચીત થઈ ચુકી છે.

શિવ સેના-ટીડીપીને નામ આપવા માટે સુચન કરાયુ

નવી દિલ્હી,તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે બપોરે કેન્દ્રિય કેબિનેટનુ વિસ્તરણ કરનાર છે. આ વિસ્તરણ દરમિયાન મોદી કેબિનેટમાં કેટલાક નવા ચહેરાને સામેલ કરી શકે છે. સુત્રોએ કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ શિવ સેના અને ટીડીપી બન્નેને તેમના નોમિનીની યાદી આપવા માટે સુચના આપી છે. શિવ સેનામાંથી બે અને ટીડીપીમાંથી એક સભ્યને કેબિનેટમાં સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે. નરેન્દ્ર મોદીની આ હિલચાલને સારી અને હકારાત્મક ચાલ તરીકે જોવામાં આવે છે. મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડનવીસ સરકારમાં સામેલ થવા માટે ભાજપ અને શિવ સેના વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે ત્યારે આ હિલચાલ આવી છે. શિવ સેનાના નેતા ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્ર સરકારમાં સામેલ થવા કેટલીક માંગ રજૂ કરી ચુક્યા છે. વાજેપેયી સરકારમાં પર્યાવરણ અને વીજ પ્રધાન તરીકે જેમના દેખાવની પ્રશંસા કરવામાં આવી હતી તે ભૂતપૂર્વ પ્રધાન સુરેશ પ્રભુની નિમણૂંક કરવા માટે મોદીની આ હિલચાલને ઉપયોગી ગણવામાં આવે છે. ઉદ્ધવ સાથે સારા સબંધ ધરાવનરા પ્રભુ પહેલાથી જ મોદી સરકારમાં વ્યસ્ત રહ્યા છે. આયોજન પંચના નવા અવતારમાં તેઓ ભૂમિકા ભજવે તેવી શક્યતા છે. મોદી દ્વારા આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન અને ટીડીપીના નેતા એન. ચન્દ્રાબાબુ નાયડુનો સંપર્ક કરી ચુક્યા છે. તેમના પસંદગીના નામ સુચવવા માટે તેમને પણ કહેવામાં આવ્યું છે.

સુત્રોએ કહ્યું છે કે ઇન્ડિયા ઇકોનોમી સમિટમાં ભાગ લેવા માટે પહોંચેલા નાયડુ રાજ્યસભાના સભ્ય વાયએસ ચોધરીની ભલામણ કરે તેવી શક્યતા છે. સાથે સાથે અન્ય એક ખાતુ પણ તેઓ માંગે તેમ માનવામાં આવે છે. કેટલાક નામ પહેલાથી જ નક્કી છે. જેમાં મનોહર પારિકર, જડેપી નડ્ડા, સુરેશ પ્રભુ અને જાત નેતા ચૌધરી વીરેન્દ્રનો સમાવેશ થાય છે.

સેંસેક્સ ૪૭ પોઇન્ટ ઘટીને આખરે બંધ

મુંબઈ, તા. ૭

શેરબજારમાં આજે ફ્લેટ સ્થિતિ રહી હતી. પસંદગીના ઈન્ડેક્સ હેવીવેઈટમાં પ્રોફિટ બુકિંગની સ્થિતિ જોવા મળી હતી. સેંસેક્સ કારોબારના અંતે ૪૭ પોઈન્ટ ઘટીને ૨૭૮૬૯ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સ એક વખતે ૨૭૯૮૧ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. બીજી બાજુ નિફ્ટી એક પોઈન્ટ ઘટીને ૮૩૩૭ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી એક વખતે ૮૩૬૦ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. નિફ્ટી એક વખતે ઈન્ટ્રા ડે દરમિયાન ઘટીને ૮૨૯૦ સુધી પહોંચ્યો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ભારતીય ઈક્વિટીમાં બુધવારના દિવસે ૧૦૩૧ કરોડની કિંમતના શેર ખરીદી લેવામાં આવ્યા હતા. એશિયન શેરબજારમાં જાપાન સિવાય બજારોમાં મંદી રહી હતી. અમેરિકામાં રોજગારીના આંકડા જારી કરવામાં આવ્યા હતા. જાપાનના નિક્કીમાં ૦.૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. બીએસઈ હેલ્થકેર અને રિયાલીટી ઈન્ડેક્સમાં સૌથી વધુ ઉછાળો બે ટકાથી વધુનો રહ્યો હતો. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સમાં ૦.૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. કેપિટલ ગુડ્ઝ, મેટલ અને ઓટોમાં પણ ઘટાડો નોંધાયો હતો. ફાર્માના શેરમાં શરૂઆતમાં નુકસાન બાદ રિવકરી જોવા મળી હતી. ડો. રેડ્ડી લેબમાં કારોબારના અંતે ૪.૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. અમેરિકી ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ભારતીય દવા બનાવતી કંપનીને કેટલીક રાહતો આપવામાં આવી રહી છે. સન ફાર્માના શેરમાં ૨.૫ ટકાનો ઉછાળો રહ્યો હતો. ઓટોના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો. તાતા મોટર્સ અને મારુતિ સુઝુકીમાં ૦.૨-૦.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. બજાજ ઓટો અને એમએન્ડએમમાં ૧.૧થી ૧.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઈન્ડેક્સ હેવીવેઈટમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અને આઈટીસીમાં ૦.૮-૧ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. બ્રોડરમાર્કેટમાં મિશ્ર સ્થિતિ રહી હતી. મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૩ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૪ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થમાં મંદી રહી હતી. ૧૫૬૯ શેરમાં મંદી રહી હતી અને ૧૪૩૮ શેરમાં તેજી જોવા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં બુધવારે રેકોર્ડ ઉંચી સપાટી જોવા મળી હતી.

ગોવાના મુખ્યમંત્રી પારિકર આજે રાજીનામું આપી દેશે

પણજી, તા. ૭

ગોવાના મુખ્યમંત્રી પદના હોદ્દાથી મનોહર પારિકર આવતીકાલે રાજીનામું આપે તેવી શક્યતા છે અને તેમની જગ્યાએ અગ્રણી દાવેદાર લક્ષ્મીકાંત પારસેકરને મુખ્યમંત્રી બનાવવામાં આવે તેવી શક્યતા છે. મનોહર પારિકર કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન મેળવવા જઈ રહ્યા છે. નવી દિલ્હીમાં ભાજપની કેન્દ્રીય સંસદીય બોર્ડની બેઠક આવતીકાલે યોજાનાર છે. ત્યારબાદ મનોહર પારિકર મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપે તેવી શક્યતા છે. ભાજપ વિધાનસભા પક્ષની બેઠક ત્યારબાદ તેમના અનુગામીની પસંદગી કરવા માટે મળશે. ભાજપ સંસદીય બોર્ડની બેઠક આવતીકાલે દિલ્હીમાં સવારે મળશે ત્યારબાદ તેઓ રાજીનામું આપશે. બે કલાક બાદ જ નવા મુખ્યમંત્રીને શપથ લેવડાવવામાં આવશે. નામો પર ચર્ચા કરવા આજે સવારે પણજીમાં ભાજપ ધારાસભ્યોની અતિમહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં ૩ નામ પર ચર્ચા થઈ હતી. જેમાં રાજ્યના આરોગ્યપ્રધાન લક્ષ્મીકાંત પારસેકર, અધ્યક્ષ રાજેન્દ્ર અરલેકર અને નાયબ મુખ્યમંત્રી ફ્રાન્સીસ ડિસોઝાના નામ પર ચર્ચા થઈ હતી. મળેલી માહિતી મુજબ તમામમાં સૌથી ફેવરીટ તરીકે પારસેકર દેખાઈ રહ્યા છે. પક્ષે પહેલાથી જ વરિષ્ઠ નેતા રાજીવ પ્રતાપ રુડી, કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદીયુરપ્પા અને ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી બી સતિષને પાર્ટી બાબતો પર નજર રાખવા મોકલી દેવામાં આવ્યા છે. પક્ષના ધારાસભ્ય માઈકલ લોબો દ્વારા નાયબ મુખ્યમંત્રી ડિસોઝાની તરફેણ કરવામાં આવી રહી છે. ગોવામાં રાજકીય ગરમી હવે જામી છે કારણકે પારિકર કેબિનેટમાં સ્થાન મેળવવા માટે જઈ રહ્યા છે. નરેન્દ્ર મોદી સાથે તેમના નજીકના સંબંધ પણ રહી ચુક્યા છે.

સોનાના ભાવ ઘટીને ૨૦,૦૦૦ સુધી પહોંચે તેવા સ્પષ્ટ એંધાણ

નવી દિલ્હી,તા. ૭

આંતરરાષ્ટ્રીય બજારમાં ફ્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો થયો છે. સાથે સાથે અમેરિકી અર્થતંત્રમાં સુધારના પરિણામ સ્વરુપે ડોલર અન્ય ચલણની સરખામણીમાં સતત મજબૂત થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરુપે સોનાના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. વૈશ્વિક બજારમાં સોનાની કિંમત હાલ સાડા ચાર વર્ષની નીચી સપાટી ઉપર પહોંચી ગઈ છે. એટલે કે સોનાનો ભાવ ૧૧૩૭.૪૦ ડોલર પ્રતિ ઓન્સ થઈ ગઈ છે. બીજી બાજુ અમદાવાદ અને મુંબઈ સહિતના બુલિયન બજારમાં પણ સોનાની કિંમતમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. વિદેશી સેવા કંપની એબીએન એમરોએ માહિતી આપતા કહ્યું છે કે, વર્ષના અંત સુધી આ કિંમત ૧૧૦૦ ડોલરની નીચી સપાટી પર પહોંચી શકે છે. વર્ષ ૨૦૧૫ના અંત સુધી ૮૦૦ ડોલર પ્રતિ ઓન્સ સુધી ભાવ પહોંચી શકે છે. જો વિદેશી બજારમાં ભાવા ૧૧૦૦ ડોલરથી નીચે આવશે તો ભારતમાં આની કિંમત ૨૪૦૦૦-

૨૫૦૦૦ હજાર પ્રતિ ૧૦ ગ્રામ થઈ જશે. બીજી બાજુ જો આંતરરાષ્ટ્રીય કિંમત ૮૦૦ ડોલર થશે તો ભારતમાં તેની કિંમત ૨૦૦૦૦ રૂપિયા સુધી થઈ શકે છે. બુધવારના દિવસે સ્થાનિક બજારમાં સોનાનો ભાવ ૩૯ મહિના બાદ ૨૬૦૦૦થી નીચી સપાટીએ પહોંચી ગયો હતો. ભાવમાં ઘટાડા બાદ પણ સોનામાં ભારતમાં માંગ ઓછી થયેલી છે. દરમિયાન અમદાવાદ બુલિયન બજારમાં પણ સોનાના ભાવમાં ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. અમદાવાદ બુલિયન બજારમાં ગઈકાલે સોનાનો ભાવ ૨૫૯૦૦ પ્રતિ ૧૦ ગ્રામ રહ્યો હતો જે આજે વધીને ૨૬૦૦૦ સુધી પહોંચ્યો હતો. આનો મતલબ એ થયો કે, સોનાના ભાવમાં ફરીવાર ૧૦૦ રૂપિયાનો ઉછાળો નોંધાયો હતો અને ભાવ વધીને આજે ૨૬૦૦૦ રહ્યો હતો. બીજી બાજુ સોનાનું ૯૯.૫નો ભાવ ૨૫૭૫૦ ગઈકાલે રહ્યો હતો જે વધીને આજે ૨૫૮૫૦ થયો હતો. આમા પણ ૧૦૦ રૂપિયાનો વધારો નોંધાયો હતો. શેરબજારમાં ઘટાડો રહેતા દેખીતી રીતે જ સોનાના ભાવમાં ઉછાળો નોંધાયો હતો.

ચૂંટણી પંચની સુપ્રીમમાં સ્પષ્ટતા

આચારસંહિતા રાહત કામ આડે અડચણરૂપ નહી બને

નવીદિલ્હી ,તા.૭

ચૂંટણી પંચે આજે સુપ્રીમ કોર્ટમાં ખાતરી આપી હતી કે, જમ્મુ કાશ્મીરમાં હાલમાં અમલી આચારસંહિતા કાશ્મીરમાં વિનાશકારી પુર બાદ હાથ ધરવામાં આવેલી રાહત અને બચાવ કામગીરી આડે આવશે નહીં. જમ્મુ કાશ્મીરમાં ૨૫મી નવેમ્બરથી પાંચ તબક્કામાં ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી પંચના વકીલ દ્વારા ચીફ જસ્ટિસ એચએલ દત્તુના નેતૃત્વમાં સુપ્રીમની બેચ સમક્ષ કહ્યું હતું કે, તમામ રાહત કામગીરી અને વહીવટી કામગીરી સરકાર દ્વારા હાથ ધરી શકાશે. આચારસંહિતા આની આડે આવશે નહીં. પોલ પેનલ દ્વારા બેચને એવી માહિતી પણ આપવામાં આવી હતી કે, સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. બેંચે કહ્યું હતું કે, રાહત કામગીરી હાથ ધરતી વેળા સાવધાની રાખવી પડશે. દરમિયાન બેંચે રાહત અને પુનઃવસવ ાટ કામ માટે ૪૪૦૦૦ કરોડની માંગ કરવાની રાજ્ય સરકારની રજૂઆત અંગે વલણ સ્પષ્ટ કરવા કેન્દ્રને કહ્યું છે. ખરાબ ગુણવત્તાવાળી ચીજવસ્તુઓ આપવામાં આવી રહી છે તેવી રજૂઆત થઇ ચુકી છે.

કાશ્મીર ચૂંટણી : બીજા ચરણ માટે જારી કરાયેલું જાહેરનામુ

જમ્મુ કાશ્મીર,તા. ૭

ચૂંટણી પંચે જમ્મુ કાશ્મીરમાં પાંચ તબક્કામાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા માટે આજે જાહેરનામુ જારી કર્યું હતું. બીજા તબક્કામાં બીજી ડિસેમ્બરના દિવસે ૧૮ મત વિસ્તારોમાં ચૂંટણી યોજાનાર છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી ઉમંગ નરુલ્લાએ જાહેરનામુ જારી કરીને કહ્યું છે કે, કલમ ૨૭ની પેટાકલમ બે મુજબ જાહેરનામુ જારી કરાયું છે. ૧૮ મતવિસ્તારમાં હવે ચૂંટણી યોજાશે. નવ વિધાનસભા મતવિસ્તાર પૈકી દરેકમાં બીજા તબક્કામાં ચૂંટણી યોજાનાર છે. રાજ્યના જમ્મુ અને કાશ્મીર બંને પ્રદેશમાં ચૂંટણી યોજાનાર છે. પાંચ જિલ્લાઓમાં આ વિસ્તાર છે જેમાં કુપવારા, કુલગામ, રેસી, ઉધમપુર અને પૂંચનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગુલબર્ગ, રેસી, ગુલઅરનાસ, ઉધમપુર, ચેનાની, રામનગર, સુરનકોટ, મેંધાર, પુંચ હવેલી મતવિસ્તારમાં મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર છે. ઉમેદવારી દાખલ કરવાની છેલ્લી તારીખ ૧૪મી નવેમ્બર રાખવામાં આવી છે જ્યારે ઉમેદવારીપત્રોની ચકાસણીની પ્રક્રિયા ૧૫મી નવેમ્બરે હાથ ધરાશે. ૧૭મી નવેમ્બરના દિવસે ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ રહેશે. જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, ચૂંટણી માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. રાજ્ય સરકાર ચૂંટણીને લઈને સંપૂર્ણપણે સજ્જ છે. જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદથી ચૂંટણી પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ગઇ છે. જમ્મુ કાશ્મીરમાં મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવનાર છે. જમ્મુ કાશ્મીરમાં શાંતિપૂર્ણરીતે મતદાનને પાર પાડવાની બાબત ખુબ જ મુશ્કેલરુપ દેખાઈ રહી છે. કારણ કે ઘણા સંગઠનો ચૂંટણીનો બહિષ્કાર કરવાની ધમકી આપી ચુક્યા છે. આવી સ્થિતિમાં સુરક્ષા વ્યવસ્થાની બાબત ચૂંટણી પંચ માટે પણ અતિ મહત્વપૂર્ણ બની ગઈ છે.

મિઝોરમ અને મ્યાનમાર સરહદથી ડિટોનેટર જપ્ત

આઈઝોલ,તા. ૭

મિઝોરમ અને મ્યાનમાર સરહદે એક વાહનમાંથી ૧૯ હજાર ડિટોનેટરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસે આજે માહિતી આપતા કહ્યું હતું કે, આ સંદર્ભમાં એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. આ ડિટોનેટરનો જથ્થો ક્યાં લઈ જવાતો હતો અને તેને લાવવા માટેનો હેતુ શું હતો તે અંગે હજુ સુધી માહિતી મળી શકી નથી. પોલીસે આ ડિટોનેટરના સંબંધમાં વધુ માહિતી હાથ ધરી છે. કેટલીક જગ્યાએ તપાસ પણ કરી છે. ઝડપાયેલા શખ્સની પૂછપરછના આધારે ગુપ્ત તપાસ કરાઈ રહી છે. ડિટોનેટરનો આ જથ્થો પુરતા પ્રમાણમાં નુકશાન કરી શકે તેવી સ્થિતિમાં હોવાના અહેવાલ મળ્યા છે.

વધારાના રોકાણની જરૂર

પીએફ બચત નિવૃત્ત માટે પુરતી છે જ નહીં : હેવાલ

મુંબઈ, તા. ૭

દેશના જાણિતા આર્થિક નિષ્ણાતોનું કહેવું છે. નિવૃત્તિ માટે માત્ર પીએફ બચત પુરતી સાબિત થઇ શકે નહીં. આરામદાયક નિવૃત્તિ લાઈફ માટે પ્રોવિડંડ ફંડની રકમ પુરતી રહેશે જો તેમ લોકો માનતા હોય તો તે ગણતરી ખોટી સાબિત થઇ શકે છે. નિવૃત્તિ પ્લાનમાં પીએફની મહત્વપૂર્ણ ભૂમિકા છે. પરંતુ આ રકમ આઠથી ૧૦ વર્ષથી વધુ સમય ચાલી શકે તેમ નથી જેથી નિવૃત્તિમાં ૨૦ વર્ષ સુધીના ખર્ચને ટકાવી રાખવા માટે પુરતા પ્રમાણમાં નાણાં ઉભા કરવા વધારાના રોકાણની જરૂર છે. આ આંકડાને લઇને તમામ લોકો સહતમ છે. જાણકાર લોકોનું કહેવું છે કે, પીએફ જરૂરિયાત માટે મહત્વપૂર્ણ છે પરંતુ ખર્ચને પહોંચી વળવા માટે હવે વધુ રકમની જરૂર ઉભી થઇ છે. ગણતરી એવી છે કે, દર વર્ષે આવકમાં આઠ ટકાનો વધારો થયો છે અને પીએફ ૮.૫ ટકા રિટર્ન આપે છે.

બે ખાલિસ્તાની લીડરોની પંજાબમાં ધરપકડ કરાઈ

નવીદિલ્હી,તા.૭

આતંકવાદ સામે એક મોટી સફળતા હાથ લાગી છે. જેના ભાગરુપે પંજાબ પોલીસે એક સપ્તાહથી પણ ઓછા સમય ગાળામાં બે ટોપ ખાલિસ્તાની લીડરોની ધરપકડ કરી છે. મળેલા અહેવાલ મુજબ ટોપ ખાલિસ્તાની લિબ્રેશન ફોર્સ લીડર હરવિન્દરસિંહ મિન્ટૂની થાઈલેન્ડમાં ધરપકડ કરવામાં આવી છે. તે ઘણા સમયથી થાઈલેન્ડમાં છુપાયેલો હતો. મિન્ટૂની થાઈલેન્ડમાંથી પ્રત્યાર્પણની વિધિ થઇ ચુકી છે. પંજાબ પોલીસ દ્વારા તેને કસ્ટડીમાં લઇ લેવામાં આવ્યો છે. તેને પંજાબ પોલીસની ટુકડી દિલ્હી લઇને આવી ગઇ છે. મિન્ટુ છેલ્લા ઘણા સમયથી ધરપકડને ટાળવા સતત સ્થળ બદલી રહ્યો હતો. પંજાબમાં તે હુમલાની યોજના પણ બનાવી રહ્યો હતો. ગઇકાલે પંજાબ પોલીસે ટોપ ખાલિસ્તાની આતંકવાદીની ધરપકડની જાહેરાત કરી હતી. પંજાબ પોલીસે ટોપ ખાલિસ્તાની ત્રાસવાદી રમણદીપસિંહ ઉર્ફે ગોલ્ડીની ચેન્નાઈ વિમાની મથક પર ધરપકડ કરી હતી.

બડગામ ગોળીબાર : સેનાની આખરે ભુલ કર્યાની કબૂલાત

નવીદિલ્હી,તા. ૭

ભારતીય સેનાએ આજે કબૂલાત કરી હતી કે, બડગામમાં ગોળીબારમાં ભુલથી બે યુવાનોના મોત થઇ ગયા હતા. સેનાએ પોતાની ભુલ સુધારી માર્યા ગયેલા લોકો માટે તે પોતે જવાબદાર હોવાની વાત કરી હતી. આ ગોળીબારમાં બે લોકોના મોત થયા હતા. સમગ્ર મામલામાં તપાસનો આદેશ પણ કરાયો છે. આને લઈને ભારે હોબાળો પણ થઈ ચુક્યો છે. જીઓસી નોર્થન કમાન્ડ ડીએસ હુડાએ માહિતી આપતા કહ્યું છે કે, અમે સંપૂર્ણ જવાબદારી સ્વીકારીએ છીએ. આ બનાવને લઈને અમે ચોક્કસપણે દુખી છીએ અને બનાવ શા માટે બન્યો તેને લઈને તપાસ ચાલી રહી છે. ભવિષ્યમાં આવા બનાવ ન બને તે માટે ચોક્કસપણે ધ્યાન રાખીશું. આવા બનાવને લઈને સેના હંમેશા સાવધાન રહેશે. જો આમા ધારાધોરણનો ભંગ થયો છે તો ચોક્કસપણે પગલા લેવામાં આવશે. સેના આ બનાવમાં પારદર્શક તપાસ કરનાર છે. સેના

દ્વારા ગોળીબારમાં માર્યા ગયેલા બે વ્યક્તિ પૈકી દરેકના પરિવારના ૧૦-૧૦ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. સાથે સાથે ઘાયલ થયેલાઓ માટે ૫-૫ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. આ યુવાનો સોમવારના દિવસે બડગામમાં મોત થયા હતા. આને લઈને જોરદાર વિરોધનું મોજુ ફરી વળ્યું હતું. જમ્મુ કાશ્મીરમાં ઘણા લોકો મેદાનમાં ઉતરી ગયા હતા. આમા અન્ય બે લોકો ઘાયલ પણ થયા હતા. નવગામના ચાર નિવાસી હતા. સેનાને આ વિસ્તારમાં આતંકવાદીઓની ગતિવિધિ અંગે માહિતી મળી હતી. ત્યારબાદ ત્રણ ચેકપોઈન્ટ ઉભા કરવામાં આવ્યા હતા. આ યુવાનોએ સૂચના આપવામાં આવ્યા બાદ પણ કોઈપણ પોઈન્ટ ઉપર પોતાની કાર રોકી ન હતી જેના લીધે સેનાએ ગોળીબાર કર્યો હતો. સત્તાવાળાઓ દ્વારા યુવાનોના મોત બાદ શ્રીનગર અને આસપાસના વિસ્તારોમાં કર્ફ્યુ જેવા નિયંત્રણો લાદ્યા હતા. સંરક્ષણ મંત્રી અરુણ જેટલીએ પણ આ બનાવ અંગે દુખ વ્યક્ત કરીને ગૃહમંત્રાલય દ્વારા રાજ્ય સરકાર પાસેથી અહેવાલની માંગ કરી હતી.

સેડો કેબિનેટ કમિટિઓની કોંગી દ્વારા હવે રચના થઈ

નવીદિલ્હી,તા. ૭

લોકસભામાં વિપક્ષના દરજ્જાને આપવાનો ઈન્કાર કરવામાં આવ્યા બાદ કોંગ્રેસ હજુ પણ હતાશ નથી. એલઓપીનો દરજ્જો ન મળ્યા બાદ કોંગ્રેસે હવે સેડો કેબિનેટ કમિટિની રચના કરી છે. અસરકારક વિપક્ષની ભૂમિકાની દિશામાં પહેલ તરીકે ટ્વિટર હેન્ડલ્સ સાથે કેટલીક સેડો કમિટિની રચના કરી છે. પક્ષના એક વરિષ્ઠ નેતાએ માહિતી આપતા કહ્યું હતું કે, સંસદના શિયાળુ સત્ર પહેલા સાત સેડો કેબિનેટ કમિટિની રચના કરવામાં આવી ચુકી છે. નરેન્દ્ર મોદી સરકારના ચાવીરુપ મંત્રાલયોની નીતિ અને નિર્ણય ઉપર નજર રાખવા આ સેડો કમિટિઓની રચના કરવામાં આવી છે. ૨૪મી નવેમ્બરથી સંસદનું શિયાળુ સત્ર શરૂ થઈ રહ્યું છે. લોકસભામાં ૪૪ સભ્યો કોંગ્રેસના રહી ગયા છે. કોંગ્રેસે સરકાર સાથે સ્પર્ધામાં ઉતરીને એલઓપી દરજ્જાની માંગ કરી હતી પરંતુ આ પદ કોંગ્રેસને આપવામાં આવ્યું નથી. આ કમિટિઓના અગ્રણી સભ્યોમાં એકે એન્ટોની, વિરપ્પા મોઈલી, આનંદ શર્મા, ઓસ્કાર ફર્નાન્ડીઝ સહિતના પૂર્વ પ્રધાનોનો સમાવેશ થાય છે. ઉપરાંત લોકસભામાં કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગે, રાજ્યસભામાં વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદનો સમાવેશ થાય છે. દિગ્વિજયસિંહ, અશોક ચવાણ, અન્યો ગ્રુપના ભાગરુપે રહેશે જે કૃષિ, પીવાના પાણી અને સેનિટેશન જેવા મુદ્દાઓ ઉપર ધ્યાન આપશે જ્યારે ખડગે, ફર્નાન્ડીઝ અને રંજિતા રંજનની સાથે રેલવે અને શ્રમ જેવા મુદ્દાઓ ઉપર રહેલી પેનલમાં રહેશે. બીજી બાજુ જેડી સિલમ અને કે સુરેશની સાથે ગુલામ નબી આઝાદ આરોગ્ય અને મહિલા અને બાળ વિકાસ અંગેની પેનલમાં રહેશે. જુદી જુદી પેનલોમાં કેવી થોમસ, જયરામ રમેશ અને ગૌરવ ગોગોઈ પણ રહેશે. આ કમિટિઓની કામગીરીને અસરકારક બનાવવાની પણ યોજના રહેલી છે. કોંગ્રેસ રચનાત્મક અને અસરકારક વિપક્ષની ભૂમિકા ભજવવા ઈચ્છુક છે.

સમાચાર ઝલક

- સ્વીસ બેંકોમાંથી નાણાં ઉપડી રહ્યાં છે.
- ભારતીય મૂળની મહિલા વકીલે કેનેડામાં કરોડો રૂપિયાનો ચુનો લગાડયો.
- કપાસ તથા અન્ય પાકોના ભાવ ગગડતાં ખેડૂતો ચિંતા સાથે આંદોલનના મુડમાં માર્કેટયાર્ડમાં હરાજી ઠપ્પ.
- ગુડાની જુદી જુદી સ્કીમો મધ્યમ વર્ગ માટે મકાનનું સ્વપ્ન પૂર્ણ કરશે.
- વોટસએપમાં નવું ફિચર-હવે જાણી શકાશે કે મેસેજ વંચાયો છે કે નહીં.
- અમેરિકામાં એક શખ્સના આંતરડામાંથી ૪ફૂટ લાંબી જીવતી માછલી કાઢવામાં આવી.
- બંગાળના ઉપસાગરમાં ડિપ્રેશન છવાયું. હજુ એક સપ્તાહ બાદ ઠંડી વધશે.
- ભાવનગર શિશુવિહારમાં શ્રી નટવર આહલપરાના પુસ્તકનું વિમોચન થશે.
- અમદાવાદથી પટણા અને લખનઉ માટે સાપ્તાહિક ટ્રેન દોડશે.
- કચ્છમાં ભૂકંપગ્રસ્તોનો પ્લોટ-મકાનોનો જૂનો પ્રશ્ન ઉકેલાયો.